## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



દોસ્ત, અમારી પણ સ્થિતિ સારી નથી, ક્યાં દારૂની રેડ અને ક્યાં માવા સોપારીની રેડ....!!



શ્રમિકોનો પ્રશ્ન હલ થતો લાગતો નથી. દરરોજ હજારોની સંખ્યામાં શ્રમિકો પોતાના વતન જઈ રહ્યા છે. લૉકડાઉનના સમયમાં પોતાના ઘર જવા ઉતાવળા બનેલા પર પ્રાંતિય શ્રમિકોને તેમના ઘરે પહોંચાડવાની વ્યવસ્થા થઈ રહી છે. ગાંધીનગર એસ.ટી. ડેપો ખાતેથી દરરોજ ગીતામંદિર બસ સ્ટેન્ડ અને રેલ્વે સ્ટેશન સુધી પરપ્રાંતિયોને પહોંચાડતી બસો ઉપડે છે. શ્રમિકોનું મેડીકલ ચેકઅપ કરી તેઓને તબક્કાવાર વતન મોકલવામાં આવી રહ્યા છે.

# વાવોલ વિસ્તારમાં ચારેક દિવસથી કચરો ના ઉઘરાવાતા નાગરિકોના સ્વાસ્થ્ય પર જોખમ

ગાંધીનગર તા. ૧૨

કોરોના મહામારીમાં ફ્રંટલાઈન કોરોના વોરિયર્સ તરીકે તબીબો, ર્નસિંગ સ્ટાફ , પેરા મેડિકલ સ્ટાફ, પોલીસ કર્મીઓ, વહીવટી તંત્ર, સેવાકર્મીઓ સાથે સાથે મહત્વનુ સ્થાન સ્વચ્છતા કર્મીઓને પણ આપવામાં આવી રહ્યું છે અને આ મહામારી સામે લડવા સ્વચ્છતા જાળવવી એ ખુબજ અગત્યની બાબત અને જરૂરિયાત પણ બની ચૂકી છે. આમ છતાં ગુડા વિસ્તાર વાવોલમાં આ બાબતે તંત્રની બેકાળજી જોવા મળી રહી છે જે રોગચાળાના આ સમયમાં આ વિસ્તારના રહીશોના સ્વસ્થ્ય માટે જોખમરૂપ સાબિત થઈ શકે તેમ છે.

ગાંધીનગરની સૌથી નજીક વિકસેલા ગુડા વિસ્તાર વાવોલની નવવિકસિત સોસાયટીઓમાં કેટલાક સમય પહેલા મોટા ઉપાડે તંત્ર દ્વારા ડોર-ટુ-ડોર વેસ્ટ કલેક્શન શરૂ કરવામાં આવ્યું હતું અને દરેક સોસાયટીઓના રહીશો પાસેથી ઘરદીઠ તે માટે નિશ્ચિત રકમ પણ ઉઘરાવવામાં આવી હતી. જો કે આ યોજનાનુ ઘણા સમયથી સૂરસૂરિયું તો થઈ ગયું જ છે અને ડોર-ટુ-ડોર કલેક્શન તો બંધ થઈ જ ગયું છે પરંતુ તેના સ્થાને સોસાયટી દીઠ કચરો સોસાયટી દ્વારા જ એકત્ર કરી રાખવામા આવે જેને લઈ જવાની સેવા પણ હવે સાવ અનિયમિત થઈ જવા પામી છે. દરરોજ કચરો ઉઘરવી જવાને બદલે હવે બે-ત્રણ દિવસે જ કચરો લેવા આવતી ગાડી છેલ્લા ચાર-પાંચ દિવસથી વાવોલના સોસાયટી વિસ્તારમાં સોસાયટી દીઠ કચરો ઉઘરાવવા આવી નથી જેના કારણે સોસાયટીઓએ કચરો એકત્ર કરી રાખેલા ડ્રમ પણ કચરાથી ઉભરાઈ છલકાવા લાગ્યા છે ત્યારે હવે રોજનો નવો કચરો ક્યાં એકત્ર કરવો તે પ્રશ્ન સોસાયટી સત્તાધીશોને સતાવી રહ્યો છે. વળી જો સત્વરે આ કચરો ઉઘરવી નહીં જવામાં આવે તો સાઓસાયટીઓ આસપાસ મીની સંપિંગ યાર્ડ સર્જાવાની ભીતિ સેવાઈ રહી છે. અત્યારે એકત્ર થયેલો કચરો પણ દુર્ગંધ સાથે સોસાયટી રહીશોના સ્વાસ્થ્ય માટે જોખમરૂપ બની રહ્યો છે જેનો સત્વરે નિકાલ થાય તેવું રહીશો ઈચ્છી રહ્યા છે.





હોમિયોપેથીક દવાઓ રોગ પ્રતિકારકશકિતમાં વધારો કરતી હોવાથી સમગ્ર શહેરમાં તેનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. વોર્ડ નં.૭ એટલે કે સેકટર-પમાં કોર્પોરેટર રાકેશ પટેલ, હિરલ જોષી, જયરાજસિંહ વાઘેલાએ હોમિયોપેથિક દવાઓનું દરેક વસાહતીઓને વિતરણ કર્યુ હતું.

## ખોરજ ખાતે ખેડુત પર હુમલાની ઘટના : ત્રણ શખ્સો સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર-સરખેજ હાઈ વે પર આવેલા ખોરજ ગામ પાસે કેસર ફાર્મ પાસે ખેડુત પર હુમલાની ઘટના સામે આવી છે. આ બનાવમાં ગામના જ ત્રણ શખ્સો સામે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. પ્રશિલ જતિનભાઈ પટેલે નોંધાવેલ ફરીયાદ મુજબ તે અને તેના પિતા બંને પોતાના ફાર્મ હાઉસ ખાતે બેઠા હતા. ત્યારે કૌંટુબિક સગા રવિભાઈ દિનેશભાઈ પટેલ, શૈલેષભાઈ કાંતિભાઈ પટેલ, અને અંકિત મહેશભાઈ પટેલ આવ્યા હતા. જેથી પ્રશિલ અને તેના પિતા બંને વાત કરવા માટે બહાર ગયા હતા. ત્યારે ત્રણેય નાગરીકોએ ઝઘડો કરીને હુમલો કર્યો હતો. જેમાં ફરીયાદીના પિતાને ફેંટો અને ગડદાપાટુનો માર માર્યો હતો. આ સમયે ફાર્મહાઉસ પણ કામ કરતા બહે નાગરીકો વચ્ચે પડીને તેમને છોડાવ્યા હતા. આથી આ મુદ્દે યુવકે ત્રણેય શખ્સો સામે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધીને કાયેદસરની કાર્યવાહી શરુ કરી છે.

## રૂપાણી સરકાર ભુપેન્દ્રસિહ ચુડાસમા સાથે : નિતિન પટેલ

ગાંધીનગર,તા.૧૨

વર્ષ ૨૦૧૭માં યોજાયેલી વિધાનસભાની ચૂટણીમાં રાજયના શિક્ષણપ્રધાન ભુપેન્દ્રસિંહ ચુડાસમાની ૩૨૭ મતોથી ધોળકા વિધાનસભા બેઠક પરથી જીત થઈ હતી. જેમાં કોંગ્રેસ પક્ષના ઉમેદવાર અશ્વિન રાઠોડે ચૂડાસમાની જીતને હાઇકોર્ટમાં પડકારી હતી. જેનો આજે મંગળવારે હાઇકોર્ટ દ્વારા વિધાનસભાની ચૂંટણી રદ કરવાનો નિર્ણય આપ્યો છે. ત્યારે રાજયના નાયબ મુખ્યપ્રધાન નિતિન પટેલે પ્રતિક્રિયા આપતા જણાવ્યુ હતુ કે ભાજપ પક્ષ અને રૂપાણી સરકાર ભુપેન્દ્રસિંહ ચુડાસમા સાથે છે. નાયબ મુખ્યપ્રધાને વધુમાં જણાવ્યું હતુ કે અમારો ભાજપ પક્ષ અને અમારી સરકાર ભુપેન્દ્રસિંહ ચુડાસમા સાથે છે. હાઈકોર્ટના ચુકાદાને અમે અભ્યાસ કરી રહ્યા છે.

જયારે પટેલે એવું પણ જણાવ્યું હતુ કે હાઈકોર્ટે ચુંટણી રદ કરી છે તેથી સરકારમાં હવે તેમનુ સ્થાન અને ધારાસભ્ય પદે તેઓ રહેતા નથી. પણ રાષ્ટ્રીય નેતાગીરી અને વકીલોની સલાહ લઈને સારો અને વ્યવહારુ રસ્તો કરીશુ. તેઓ જનસંઘથી અમારી સાથે છે. ચૂંટણીની મતગણતરી થઇ હતી તે વ્યથીત થઇ નહતી તેવા આક્ષેપ કરવામાં આવ્યા હતા. પણ આજે નામદાર હાઈકોર્ટ દ્વારા જે નિર્ણય કરવામાં આવ્યો છે તે અમારા માટે મોટો ઝટકો છે.

# ચરણબદ્ધ વિવિધ સેવાઓને શરૂ કરવા સરકારની કવાયત

### જનજીવન પૂર્વવત કરવા અંગે ફિડબેક મેળવ્યા : કલેક્ટર-મ્યુનિ. કમિશનરો, પોલીસ કમિશનરો, પોલીસ અધિક્ષક, રેન્જ આઈજી સાથે ભાવિ રણનીતિ અંગે મંથન

ગાંધીનગર,તા.૧૨

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ સોમવારે રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે યોજેલી વિડીયો કોન્ફરન્સની ચર્ચા-વિચારણા સંદર્ભે રાજ્યના વરિષ્ઠ અધિકારીઓ, ફિલ્ડના અધિકારીઓ સાથે એક મહત્વપૂર્ણ વિડીયો કોન્ફરન્સ બેઠક યોજી હતી. તેમણે રાજ્યના જિલ્લા કલેકટરો, મહાનગરોના મ્યુનિસીપલ કમિશનરો-પોલીસ કમિશનરો, જિલ્લા પોલીસ અધિક્ષક તેમજ રેન્જ આઈજી અને કોરોના સંક્રમણ નિયંત્રણ-માર્ગદર્શન માટે વિવિધ જિલ્લાઓમાં વિશેષ નિમાયેલા સચિવ કક્ષાના અધિકારીઓ સાથે પ્રધાનમંત્રી સાથેની બેઠકના સૂચનો વિચાર વિમર્શ અંગે વિસ્તૃત વાતચીત કરી હતી. મુખ્યમંત્રીએ રાજ્યમાં નગરો-મહાનગરો સહિતના વિસ્તારોમાં જનજીવન પૂર્વવત થાય સાથો સાથ કોરોના સંક્રમણને પણ નિયંત્રણમાં રાખી શકાય અને મૃત્યુદર ઘટાડી શકાય તે અંગે ફિલ્ડમાં કાર્યરત આ અધિકારીઓના ફિડબેક અને સૂઝાવો મેળવ્યા હતા. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજા ગાંધીનગરથી તેમજ રાજયના વરિષ્ઠ મંત્રીઓ સર્વ આરસી ફળદુ, કૌશિક પટેલ અને સૌરભ પટેલ જિલ્લા મથકેથી આ વિડીયો કોન્ફરન્સ બેઠકમાં સહભાગી થયા હતા. પ્રવર્તમાન સ્થિતીમાં રાજ્યમાં જામનગર, જૂનાગઢ મહાનગર સહિત ૧૫૬ નગરપાલિકા વિસ્તારો અને ગ્રામીણ વિસ્તારોમાં ખેતી, વેપાર ઊદ્યોગ રોજગારની દ્રષ્ટિએ જનજીવન સામાન્ય થતું જાય છે. વિજય રૂપાણીએ કોરોના સંક્રમણ ન ફેલાય અને સોશિયલ ડિસ્ટન્સીંગના નિયમોનું પાલન ઊદ્યોગ, દુકાનો, માર્કેટયાર્ડમાં કઇ રીતે જળવાય છે તેની વિગતો પણ આ અધિકારીઓ પાસેથી મેળવી હતી. તેમણે જણાવ્યું કે, હવે આવનારા દિવસોમાં રાજ્યમાં તબક્કાવાર જે સેવાઓ ચાલુ કરી શકાય તેમાં પણ આ સોશિયલ ડિસ્ટન્સીંગ નિયમો અને કોરોના સંક્રમણનો વ્યાપ ન થાય તેની સતર્કતા તકેદારી સાથે ચાલુ કરવી જોઈએ. આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ પબ્લીક ટ્રાન્સપોર્ટ, કેબ સેવાઓ, ઓટો રિક્ષા, બાર્બરશોપ સહિતની સેવાઓ શરૂ કરી શકવા અંગે પણ આ ફિલ્ડ અધિકારીઓના સૂઝાવો-ફિડબેક આવકાર્યા હતા. મુખ્યમંત્રીએ કોરોના સામે સાવચેતી માટે વારંવાર હાથ ધોવા, ફરજીયાત માસ્ક પહેરવું, સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવવું જેવી આદતો સાથે જનજીવન પૂર્વવત પાટે ચડાવવાની પણ હિમાયત કરી હતી. વિજય રૂપાણીએ ખાસ કરીને વૃદ્ધો-વડિલ વયસ્કો, સગર્ભા માતાઓ, નાના બાળકો જેવા વલ્નરેબલ ગૃપમાં કોરોનાનું સંક્રમણ ન થાય તે માટેની વિશેષ વ્યૂહ રચના તૈયાર કરવા માટે પણ ફિલ્ડ અધિકારીઓ પાસેથી ફિડબેક મેળવી આગળ વધવા જણાવ્યું હતું. વિવિધ જિલ્લા કલેકટરો, કમિશનરોએ પણ પોતાના વિસ્તારની સ્થાનિક સ્થિતી અને કામગીરી સાથે ભવિષ્યમાં રાખવાની સતર્કતા અંગે મંતવ્યો સૂઝાવો વ્યકત કર્યા હતા.



## વિદ્યાર્થીઓ માટે રિમોટ ઈન્ટર્નશિપ પ્રોડક્ટ લોંચ

અમદાવાદ,તા.૧૨

આંતરરાષ્ટ્રીય સ્તરની આઈટી સર્વિસીસ, કન્સલ્ટિંગ અને બિઝનેસ સોલ્યુશન્સ કંપની ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (ટીસીએસ)એ વિદ્યાર્થીઓને કોર્પોરેટ અને ઉદ્યોગના માર્ગદર્શકો સાથે સીધું જોડાણ સ્થાપિત કરવા તથા ઈન્ટર્નશિપ પ્રોજેક્ટને દૂરસ્થ સ્થળેથી હાથ ધરવા માળખાગત શૈક્ષણિક વાતાવરણ મેળવવા વિશિષ્ટ ડિજિટલ ઈન્ટર્નશિપ પ્રોડક્ટ રિમોટ ઈન્ટર્નશિપ્સ લોંચ કરી છે. ટીસીએસ આઈઓનએ રિમોટ ઈન્ટર્નશિપ્સ કંપનીઓને ઈન્ટર્નશિપ પછી ઓનલાઈન તકો મેળવવામાં મદદ કરે છે. વિદ્યાર્થીઓ લિસ્ટેડ ઈન્ટર્નશિપ્સ દ્વારા બ્રાઉઝ કરી શકે છે, કયા પ્રોજેક્ટની થીમ ટ્રેન્ડ કરી રહી છે એ જોઈ શકે છે અને પ્રસ્તુત થીમ માટે અરજી કરી શકે છે. પસંદ કરવામાં આવેલા પ્રોજેક્ટને આધારે ક્રેડિટ આપવામાં આવશે. આ વિશિષ્ટ પ્રોડક્ટ વિદ્યાર્થીઓને આખું વર્ષ તેમજ રોગચાળા દરમિયાન પણ ઈન્ટર્નશિપની તકો પૂરી પાડશે, ત્યારે કંપનીઓને એઆઈસીટીઈ માર્ગદર્શિકાનું પાલન કરતી ડિજિટલ ફ્રેમવર્ક પ્રદાન કરશે.

# રૂપાણીનો ફ્રન્ટલાઈન વોરિયર્સ નર્સ બહેનો સાથે વિડીયો સંવાદ

### આંતરરાષ્ટ્રિય નર્સીસ-ડે નિમિત્તે સંવાદ : સેવા પરાયણતા-કર્તવ્યભાવનાને અભિનંદન પાઠવ્યા છે

ગાંધીનગર,તા.૧૨

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કોરોના સંક્રમિતોની સેવા-સુશ્રુષામાં દિવસ-રાત જોયા વિના રાજયની હોસ્પિટલોમાં અવિરત ફરજરત પરિચારિકા નર્સ બહેનો પ્રત્યે તા. ૧૨મી મે ઈન્ટરનેશનલ નર્સીસ ડે અવસરે કૃતજ્ઞતા વ્યકત કરી વિડીયો સંવાદ કર્યો હતો. મુખ્યમંત્રીએ આ નર્સ બહેનો પ્રવર્તમાન કોરોના વાયરસ સંક્રમણના કપરા કાળમાં પોતાના ઘર-પરિવાર બાળકો ભુલી જઈને માત્ર રોગી-દર્દીની સુશ્રુષા સેવાનો જે કર્તવ્ય પરાયણ ભાવ દર્શાવી રહી છે તેની વિશેષ નોંધ લઈ અભિનંદન આપ્યા હતા. મુખ્યમંત્રીએ આ નર્સીસ બહેનોને પ્રેરણા આપતાં કહ્યું કે, કોરોના સંક્રમિતની પડખે જયારે હોસ્પિટલમાં તેના કોઈ સ્વજનો પરિજનો નથી હોતા ત્યારે તમે સૌ તેના આત્મીયજન જેમ સારસંભાળ રાખીને સમાજ-રાષ્ટ્ર-રાજ્યની સેવા કોરોના ફ્રન્ટલાઈન વોરિયર્સ તરીકે બજાવી રહ્યા છે. તેમણે 'લેડી વીથ ધ લેમ્પ ફલોરેન્સ નાઈન્ટીગલ યુદ્ધમાં ઘાયલ સૈનિકોની સારસંભાળ સારવાર માટે રાત્રે મીણબત્તી લઈને પણ સેવાદાયિત્વ નિભાવતાં તેની યાદ પણ આ નર્સીસ ડે અવસરે તાજી કરી હતી. ફલોરેન્સ નાઈન્ટીગલના જન્મદિવસને આંતરરાષ્ટ્રીય નર્સીસ ડે તરીકે ઉજવવામાં આવે છે. નર્સ બહેનોએ પણ આંતરરાષ્ટ્રિય નર્સીસ ડે ના અવસરે પોતાની આ સેવા ભાવના પ્રત્યે મુખ્યમંત્રીએ વિશેષ કૃતજ્ઞતા અને ધન્યવાદ વ્યકત કર્યા તે માટે હર્ષ અનુભવ્યો હતો. આ બહેનોએ કોરોના સંક્રમણ સામે લડીને વિજય મેળવવા મુખ્યમંત્રીના નેતૃત્વમાં રાજ્ય સરકારના સક્રિય પ્રયાસોમાં તેમના સૌના સંપૂર્ણ સહયોગની ખાતરી આપી હતી. આરોગ્ય અગ્ર સચિવ ડૉ. જયંતી રવિ આ વેળાએ ઉપસ્થિત રહ્યા હતા.



### ૧૭મી મે પછી રાજ્યોની આર્થિક સ્થિતિને પહોંચી વળવા રાજ્ય સરકારનો નિર્ણય

# આવતીકાલથી રાજકોટમાં બંધ પડેલા ઉદ્યોગો ફરી ધમધમતા થશે

### ૧૦ થી ૧૫ કોરોના કેસ આવશે તો આપેલી છૂટછાટ પાછી ખેંચવામાં આવશે

ગાંધીનગર,તા.૧૨

ગુજરાતમાં લોકડાઉન પુરી થવાને આરે છે. રાજકોટમાં બંધ પડેલા ઉદ્યોગો ફરી ધમધમતા થાય તે માટે રાજ્ય સરકારે કરી મોટી જાહેરાત કરી છે. હાલ તેને લઈને એક મહત્વપૂર્ણ સમાચાર મળી રહ્યા છે. લોકડાઉન-૩માં ૧૭મી મે પછી રાજ્યોની આર્થિક સ્થિતિને પહોંચી વળવા માટે ગુજરાત સરકારે પણ તેની બ્લુ પ્રિન્ટ તૈયાર કરી લીધી છે. જેમાં અનેક ધંધાઓ ખોલવા માટેના નિયમો પણ બનાવ્યા છે. જેમાં શહેરની તમામ કાપડની દુકાનો ખુલ્લી રાખી શકાશે. લોકડાઉન બાદ પણ શહેરોની અંદર પ્રવેશવાની ચેકપોસ્ટમાં વધુ કડક ચેકીંગ કરાશે. સરકાર રૂપરેખા તો તૈયાર કરી રહી છે પણ જે શહેરમાં બજારો ખુલ્યા બાદ જો ફરી ૧૦થી ૧૫ કોરોનાનાં પોઝિટિવ કેસ આવશે તો તે વિસ્તારોમાં આપેલી છૂટછાટ પાછી ખેંચવામાં આવશે અને તે વિસ્તારોમાં ફરીવાર લોકડાઉનનો કડક અમલ કરાવાશે.

આજે રંગીલા રાજકોટ શહેર માટે મહત્વની જાહેરાત કરતા સીએમઓના અગ્ર સચિવ અશ્વિની કુમારે જણાવ્યું કે, ૧૪ મેથી રાજકોટમાં ઉદ્યોગોને મંજૂરી આપી દેવાઈ છે. તેથી હવે ૧૪ મેથી રાજકોટમાં ઉદ્યોગો ધમધમતા થઈ જશે. લોકડાઉનમાં ઉદ્યોગોને ફરી જીવંત કરવા રાજ્ય સરકારે આ નિર્ણય લીધો છે. તો રાજકોટમાં કન્ટેન્મેન્ટ ઝોન સિવાયના વિસ્તારમાં ઈન્ડસ્ટ્રીઝ ચાલુ થઈ શકશે. આ જાહેરાત સાથે રાજકોટમાં ગુરુવારથી ઉદ્યોગો ફરી ધમધમતા થશે. તેના માટે ઉદ્યોગકારોએ જિલ્લા કલેક્ટર કક્ષાએથી પરવાનગી મેળવવાની રહેશે. રાજકોટમાં ગુરુવારથી ઉદ્યોગો ફરી ધમધમતા થવાની જાહેરાત વચ્ચે ઉદ્યોગકારોને કેટલાક નિયમો બનાવ્યા છે, તેનું પાલન કરવાનું રહેશે. જેમ કે ઉધોગ કે કારખાનામાં માસ્ક, સોશિયલ ડિસ્ટન્સ, કામદારોનો ટાઈમ નક્કી કરવો પડશે. એટલું જ નહીં દરેક કામદારોનું હેલ્થ ચેકઅપ કરવું પડશે. લક્ષણો ચેક કરી, કામદારોનું હેલ્થ ચેકઅપ જરૂરી બનાવવામાં આવ્યું છે. હાલ પરંતુ રાજકોટમાં કન્ટેન્મેન્ટ સિવાયના વિસ્તારમાં ઈન્ડસ્ટ્રીઝ શરૂ થશે.

સીએમઓના અગ્ર સચિવ અશ્વિની કુમારે પરપ્રાંતિય શ્રમિકો માટે ગુજરાતમાંથી ટ્રેનો વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજ્યમાં ૫૪૨ ટ્રેન પૈકી ૨૩૩ ટ્રેન ગુજરાતમાંથી રવાના થઈ છે. મહારાષ્ટ્રમાં ૭૯, પંજાબમાં ૬૫, તેલંગાણામાં ૩૦ ટ્રેન, કર્ણાટકમાં ૨૯, રાજસ્થાનમાં ૨૪ ટ્રેન રવાના કરાઈ છે. ૨૩૩ ટ્રેનથી ૨.૮૦ લાખ લોકો પોતાના વતન રવાના થયા છે. અમદાવાદની વાત કરીએ, શહેરમાંથી ૫૫,ૅ ૪૫, બિહાર ૬, છત્તીસગઢની ૨ ટ્રેન, સુરતમાંથી ૭૯, વડોદરાથી ૧૭, રાજકોટથી ૧૩ ટ્રેન, મોરબીથી ૭, જામનગરથી ૬ ટ્રેન રવાના કરાઈ છે. આજે પણ વધુ ૩૧ ટ્રેન પરપ્રાંતિય શ્રમિકોને લઈને રવાના થશે. જેમાૅં માટે ૧૯, બિહાર ૪, ઓડિશા ૩, ઉત્તરાખંડ એક ટ્રેન ગોઠવાઈ છે. આજે અમદાવાદથી ૧૧ ટ્રેનૅ ૮, બિહારની ૩ ટ્રેનનો સમાવેશ થાય છે. ભાવનગર, ભરૂચ, ગાંધીધામ, ભુજથી પણ ટ્રેન જશે.



**લોકડાઉન સંદર્ભે ચિલોડા ખાતે જિલ્લા-તાલુકાના અધિકારીઓએ મુલાકાત લીધી**

ગાંધીનગર જિલ્લામાં લોકડાઉન-૩નો કડકપણે અમલીકરણ અને જાહેરનામાનો ભંગ ન થાય તેવા હેતુથી જિલ્લા તથા તાલુકાના અધિકારી દ્વારા વિવિધ ગ્રામ્ય વિસ્તારોની મુલાકાત દ્વારા પરિસ્થિતિ અંગે સતર્કતા અને જાગૃતતા મેળવવા ઓચિંતી મુલાકાત લીધી હતી. તેમાં ચિલોડા(ડ) ગામે ગ્રામ પંચાયત કચેરી ખાતે જિલ્લા અને તાલુકાના અધિકારીએ મુલાકાત લીધી હતી. જેમાં શાકભાજી અને ફ્રુટના વેપારીઓ પર નિયંત્રિત પગલાં લેવા યોગ્ય સૂચન કર્યુ હતુ. આ ઉપરાંત ચિલોડા ગ્રામ પંચાયત સત્તાવાહકો દ્વારા ગામમાં કોરોના વાયરસના સંક્રમણ અટકાવવા અને લોકડાઉનનો ચુસ્તપણે અમલ થાય તેવા આશયથી સ્વયંસેવકોની નિમણુંક કરી લોકોમાં સતર્કતા અને જાગૃતતા કેળવવા રીક્ષામાં લાઉડસ્પીકર દ્વારા જનસંદેશો પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

## ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના ગ્રુપ દ્વારા જરુરીયાતમંદ નાગરીકોને કીટનું વિતરણ

કોરોના વાયરસ સામેની લડાઈમાં ચાલી રહી છે. જેમાં સૌ કોઈ નાગરીક પોતપોતાની રીતે યોગદાન આપી રહ્યા છે. ગાંધીનગર જિલ્લામાં વર્ષોથી કર ભલા હોગા ભલા ની નીતિ સાથે શૈક્ષણિક યોગદાન આપનાર કડી સર્વ વિદ્યાલય વર્ષ ૨૦૦૪ ની બેચના ભુતપૂર્વ વિદ્યાર્થીઓના એક ગ્રુપ દ્વારા સંસ્થાના સંસ્કારને અનુરૂપ કાર્ય કર્યુ છે. જેથી શહેરમાં જરુરીતાયમંદ પરિવારોને કોરોના ની મહામારી સામે એક જુથ થઈને લડવાના મેસેજ સાથે જરુરી કરીયાણાની કીટનું વિતરણ કરી એક પ્રેરણાત્મક ઉદાહરણ પુરુ પાડ્યું છે.